## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલ્યા, તને હેલ્મેટ નથી પહેરી તેના માટે ઊભો નથી રાખ્યો, પણ બોસ, ટોપી સ્વેટર કેમ નથી પહેર્યા...!!

# પેથાપુર પાસે ખેતરની ઓરડીમાંથી વિદેશી દારૂની બોટલો પકડાઈ

### અનાજ ભરવાના લોખંડના પીપમાં ૧૬ બોટલો સંતાડી હતી : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે આવેલા કેરોસીનગર પાસે એક ખેતરની ઓરડીમાં વિદેશી દારૂની બોટલ સંતાડવામાં આવી હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસે આ ખેતરની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. ઓરડીમાં મૂકેલા અનાજ ભરવાના લોખંડના પીપમાં પોલીસે તપાસ કરતા અંદરથી ૧૬ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પેથાપુર પોલીસે દારૂની બોટલ જપ્ત કરીને એક શખ્સની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસે કેરોશીનગર પાસેના ખેતરની ઓરડીમાં સંતાડવામાં આવેલી વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી છે. બેન્ક ઓફ બરોડા બેંકથી ગીરનારી આશ્રમ જતા રોડ નજીક કેરોશીનગર પાસેના પોપટભાઈ કચરાદાસ પટેલના ખેતરની ઓરડીમાં પોલીસે બાતમીને આધારે દરોડો પાડ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે પોપટભાઈ કચરાદાસ પટેલે પોતાના ખેતરમાં વિદેશી દારૂ ઉતાર્યો છે. આ ખેતરની ઓરડીમાં તપાસ કરતાં એક લોખંડના અનાજ ભરવાના પીપમાંથી વિદેશી દારૂની ૧૬ બોટલો મળી આવી હતી. જેને પગલે પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી તેની સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉવારસદ ચોકડી પાસેથી બાઈક પર દેશી દારૂની ખેપ મારતા બે યુવાનો ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૦

અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.જી.વાઘેલાની સુચનાથી તેમની ટીમ પેટ્રોલિંગ હતી તે દરમિયાન કોન્સ્ટેબલ રોહીતસિંહને બાતમી મળી હતી કે ઉવારસદ ગામ તરફથી જીજે ૧૮ એલ ૮૪૮૬ નંબરના બાઈક પર દેશી દારૂની હેરાફેરી થનાર છે. આ બાતમીના આધારે વોચ ગોઠવાઈ જઈને ઉવારસદ ચોકડી પાસેથી આ બાઈક પકડી પાડવામાં આવ્યુ હતુ. બાઈક પર બે શખ્સો સવાર હતા. તેમનું નામ પુછતા તેઓ ઉવારસદના પગીવાસમાં રહેતાં બળદેવ બાબુજી ઠાકોર અને દિનેશ ગાભાજી ઠાકોર હોવાનું ખુલ્યુ હતું. તેમની પાસે રહેલી પ્લાસ્ટિકની એક મોટી કોથળીમાં પોલીસે તપાસ કરતા અંદરથી દેશી દારૂની નાની-નાની ૧૦૦ પોટલીઓ મળી આવી હતી. પોલીસે ૨૦ લીટર દેશી દારૂ અને ૧૦ હજારની કિંમતનુ બાઈક કબ્જે લઈ બંને આરોપીઓની ધરપકડ કરીને તેમની સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલ કેમ્પસમાં રેઈન બસેરા ઉભુ થશે

### રેઈન બસેરા માટે કમિશનરે સિવિલ કેમ્પસનો રાઉન્ડ લીધો, ત્યારબાદ મનપા તંત્ર દ્વારા સિવિલ હોસ્પિટલ પાસે જગ્યા માગવામાં આવી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ફુટપાથ, બસ સ્ટેન્ડ અને સહિતની સરકારી જમીન પર શ્રમજીવીઓ, ભીખારીઓ, અને ગરીબો સુઈ જાય છે. જે નિયમ વિરુધ્ધ છે, એટલું જ નહીં ગાંધીનગરમાં રેઈન બસેરાના લીધે ઝુંપડપટ્ટીનો વધારો થઈ ગયો છે. ત્યારે સ્માર્ટ સીટી અંતર્ગત ગાંધીનગરમાં રેઈન બસેરા બનાવવા માટે છેલ્લા ઘણા સમયથી કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેને અનુલક્ષી એસટી ત્યાં કામ ચલાઉ શેડ બાંધીને હંગામી રૈન બસેરા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તો બીજી બાજુ નિયમ પ્રમાણે એસટી ડેપોની નજીક રૈન બસેરા બનાવવા માટે પણ કોર્પોરેશન વિચારી રહ્યું હતું. ત્યારે આજે મનપાના કમિશનર દ્વારાગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસનો રાઉન્ડ લીધ હતો. જયાં પડતર અથવા તો ઉપયોગમાં ન આવી શકે તેવી જગ્યાઓનો સર્વે હાથ ધર્યો હતો. એટલું જ નહી સિવિલના તબિબિ અધિક્ષક સાથે બેસીને આ અંગે ચર્ચા પણ કરવામાં



ડેપોથી નજીક સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બંધ કેન્ટીનમાં બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેથી ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરે આજે સાંજે મુલાકાત કરી સ્થળ ચકાસણી કરી હતી.

રાજયના પાટનગર ગાંધીનગરમાં તંત્ર દ્વારા રેઈન બસેરા બનાવાયું નથી. શહેરમાં રેઈન બસેરા ના હોવાથી ગરીબ, શ્રમિકો દ્વારા સરકારી જમીન પર ઝુંપડા મોટા પ્રમાણમાં બની ગયા છે. જયારે કોર્પોરેશન અમલમાં આવ્યા બાદ પણ શહેરમાં રેઈન બસેરાની સુવિધા નહીં મળતા શ્રમજીવીઓ અને ગરીબોએ ના છુટકે ઝુંપડામાં વસવાટ કરવો પડતો હતો. ત્યારે હવે મહાનગર પાલિકા દ્વારા શહેરમાં રેઈન બસેરા ઉભુ કરવા માટે તૈયારીઓ શરુ કરવામાં આવી છે. જેમાં શહેરના સેકટર-૬માં કે જયાં કડીયા નાકું આવેલું છે. આવી હતી. અને સિવિલ પાસેથી એના માટે જગ્યાની મૌખિક માંગણી પણ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી. સિવિલ કેમ્પસમાં શોંપીગ સેન્ટર અને દવાની દુકાનોની પાછળ આવેલ કેન્ટીનના બિલ્ડીંગને રૈન બસેરા માટે કોર્પોરેશનને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. મેડીકલ કોલેજના પ્રારંભે તૈયાર થયેલી કેન્ટીનનો આજ સુધી ઉપયોગ થયો નથી. અહી ઘણા સમયથી અસામાજીક પ્રવૃતિઓ ચાલી રહી છે. ત્યારે આ જગ્યા પર હાલની સ્થિતિએ રેઈન બસેરા બને તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કામ ચલાઉ જ રેઈન બસેરા ઉભુ કરવામાં આવશે. વાયબ્રન્ટ બાદ નગરમાં કાયમી રેઈન બસેરા માટે જગ્યા શોધી મહાનગર પાલિકા તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે.



## પોલીસ હેડ કવાર્ટર ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ગાંધીનગર જીલ્લા સુરક્ષા સેતું સોસાયટી ના સહયોગથી પોલીસ અધિકારી અને કર્મચારીઓ માટે સેકટર-૨૭ જિલ્લા પોલીસ તાલિમ કેન્દ્ર ખાતે આજે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ આરોગ્ય ચકાસણી કેમ્પમાં ૪૧૫ જેટલા પોલીસ કર્મચારીઓ એ ફ્રી ચેકઅપનો લાભ લીધો હતો.

# ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા ધ્યાન-યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા પ્રાંતિયા સ્થિત સ્મૃતિ વિકાસ શાળા ખાતે યોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વી-કેર ફાઉન્ડેશન સંસ્થાના ચેરમેન તથા મોટીવેશનલ યોગ નિષ્ણાંત વકતા જે.સી. પટેલ દ્વારા હોમગાર્ડ જવાનોને ધ્યાન, યોગ, પ્રાણાયામ, આસનો, હળવી કસરતો કરાવી તન, મન અને આત્માનો સુંદર સમન્વય રૂપે યોગ કરવાથી અનેક ફાયદા થાય છે તેવું યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે નટુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં યોગથી થતા ફાયદા જેમ કે શારિરીક બિમારી દૂર થાય, માનસિક તકલીફ દૂર થાય, યાદશકિત-મનોબળ મજબૂત બને, પાચનતંત્ર સુધરે, ફેફસા સક્રિય બને, લોહી શુધ્ધ બને, નેત્રની જયોતિ વધે વગેરે જણાવી યોગને વિશેષ મહત્વ આપવુ જોઈએ તેમ જણાવ્યું હતું. ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી તથા સંસ્થાના કન્વીનર વશરામભાઈ સહિત યુનિટના ૭૫ જવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# આજે શહેરના ટાઉનહોલ ખાતે ભવાઈનો ભવ્ય કાર્યક્રમ

### સ્વ. અસાઈત ઠાકરની સ્મૃતિમાં ભવાઈનું આયોજન

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી આનર્ત પ્રદેશ તથા ભવાઈના જનક એવા સિધ્ધપુરના પૂજય સ્વ.અસાઈત ઠાકરની સ્મૃતિમાં શ્રી ખોડીયાર આઈ ભવાઈ મંડળ, મેઉં દ્વારા પ્રસ્તુત ભવાઈનો ભવ્ય કાર્યક્રમ તા. ૨૧ ડિસેમ્બરને શુક્રવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, ઉદ્‌ઘાટક તરીકે પૂર્વ પ્રમુખ મહેસાણા જિલ્લા ભાજપા કેશુભાઈ એમ પટેલ, તેમજ કટાર લેખક દોલત ભટ્ટ, મુખ્ય મહેમાન તરીકે આઈએએસ કમિશનર યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના એસ.એ.પટેલ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જે.એમ.ભટ્ટ, તેમજ અતિથિ વિશેષ તરીકે સંગીત નાટક અકાદમીના ડિરેકટર મંગલસિંહ ઝાલા, નાયક ભોજક સમાજ ગાંધીનગરના પ્રમુખ ડો.હસમુખ નાયક, નાયક ભોજક સમાજ મહેસાણાના પ્રમુખ બચુભાઈ આર.નાયક, તેમજ વ્યવસાયી રંગભુમી ના પ્રમુખ બચુભાઈ એસ.નાયક હાજર રહેશે. જયારે શુભેચ્છક તરીકે નાયક ભોજક સમાજ ગાંધીનગર અને મહેસાણા છે.

# વ્યકિતગત આજીવન વિભાગમાંથી ૫ ડેલીગેટની ચૂંટણી માટે ૬ ઉમેદવાર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની વ્યકિતગત આજીવન વિભાગમાંથી પાંચ ડેલીગેટની ચુંટણી માટે ગત્ તા.૧૭-૧૨-૧૮ના રોજ ૧૭ ફોર્મ સભાસદો લઈ ગયા હતા. તેમાંથી ૧૨ ફોર્મ ભરાઈને પરત આવ્યા હતા. જેમાં ઉમેદવારોએ ડબલ ફોર્મ ભરેલા હતા. ડબલ ફોર્મમાં સ્કુટીની કરતા ૬ ઉમેદવારો પાંચ બેઠક માટે હરીફ ઉમેદવારો બાકી રહે છે. જેમાં મનુભાઈ ભીખાભાઈ પટેલ, અશોકભાઈ ગોપાળદાસ પટેલ, ચંદ્રકાંત ચુનીલાલ પટેલ, સુરેશભાઈ વિનુભાઈ પટેલ, યાકુબભાઈ હસનભાઈ મનસુરી તેમજ નિતિનભાઈ સોમાભાઈ પટેલનો સમાવેશ થાય છે.




શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાતમાં હાર્દિક સ્વાગત છે

ગુજરાતના સપૂત અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસને વેગવંતો બનાવવા ભેટ ધરેલ અનેક યોજનાઓ

- **આયુષ્માન ભારત યોજના:** કોઈપણ રોગ સામે વાર્ષિક રૂા.૫ લાખની મર્યાદામાં મળશે સારવાર: ૨.૫ કરોડથી વધુ લાભાર્થીઓને બાયોમેટ્રીક કાર્ડ
- **પ્રધાનમંત્રી આવાસ યોજના:** શહેરી અને ગ્રામીણ વિસ્તારના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને મળ્યું વાજબી કિંમતે પોતીકા ઘરનું છત્ર
- **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના:** ગુજરાતના ૨૦ લાખ કરતાં વધુ પરિવારોને ઉજ્જવલા યોજનાનો મળ્યો લાભ: મહિલાઓને મળી ચૂલો ફૂંકવામાંથી મુક્તિ
- **વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા:** ૧૮૨ મીટર સ્ટેચ્યૂ ઓફ યુનિટીના માધ્યમથી વિશ્વના નકશામાં ગુજરાતને મળ્યું સર્વોચ્ચ સ્થાન
- **સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન:** ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ૩૦ લાખથી વધુ MSME ને ભારત સરકારનું સતત પ્રોત્સાહન

અને ઘણું બધું...







ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત